# શપથવિધિ સમારોહની તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ

**સિવિલ હોસ્પિટલમાં ખાસ ત્રણ ટીમો ઉપરાંત ૧૬ જેટલી ટીમો મહાનુભાવો માટે બનાવાઈ : શપથવિધિ સમારોહ સ્થળે ખાસ પી.એમ.ઓ. પણ બનાવવામાં આવશે : અધિક કલેક્ટરો, ડે. કલેક્ટરોને પણ વિશેષ ફરજો સોંપાઈ**

## શહેરમાં શપથવિધિ સમારોહ માટે ટ્રાફિક વ્યવસ્થામાં ફેરફાર

**જ-માર્ગ અને ચ માર્ગ માત્ર આમંત્રિતો માટે જ આરક્ષિત રહેશે : ટાઉનહોલ પરિસર તથા આસપાસના વિસ્તારમાં પાર્કિંગ કરાશે : કર્મચારીઓ-અધિકારીઓ પણ વાહન સચિવાલય સંકુલમાં નહી લઈ જઈ શકે**

ગાંધીનગર, તા.૨૪

પાટનગર ગાંધીનગરમાં સચિવાલય ખાતે યોજાનાર નવી સરકારના શપથવિધિ સમારોહને પગલે શહેરમાં ટ્રાફિક વ્યવસ્થામાં ખાસ ફેરફાર કરવામાં આવ્યા છે. તા. ૨૬મી ડિસેમ્બરના રોજ આ ફેરફાર અમલી રહેશે જેમાં 'જ' માર્ગ અને 'ચ' માર્ગને માત્ર શપથવિધિ સમારોહમાં સામેલ થનારાઓ માટે જ ઉપયોગ કરી શકાશે. આ ઉપરાંત સચિવાલય સંકુલમાં આ દિવસે સમારોહ દરમિયાન ખાનગી વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ દિવસે પોલિસ ભવન, આયુર્વેદ સર્કલ તથા જિલ્લા પંચાયત પાસેના 'કટ' બંધ રહેશે.

નવ નિર્વાચિત ગુજરાત સરકારનો શપથવિધિ સમારોહ મંગળવારે સચિવાલય સંકુલના મેદાનમાં યોજાવાનો છે. આ સમારોહના પગલે શહેરની ટ્રાફિક વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યા છે અને શહેરના જ માર્ગ તથા ચ માર્ગને શપથવિધિ સમારોહમાં આમંત્રિત મહેમાનોના વાહનો માટે જ આરક્ષિત કરાયા છે. આ સાથે શપથવિધિ સમારોહ સમયે સચિવાલય સંકુલમાં ખાનગી વાહનોને પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે જેથી સરકારી કર્મચારીઓ અને અધિકારીઓને પણ તેમના વાહન સે-૧૭માં ટાઉનહોલ પરિસર અથવા આસપાસના વિસ્તારમાં પાર્ક કરવા પડશે. શપથવિધિમાં આમંત્રિતો માટે પણ અહીં પાર્કિંગ કરવાનું રહેશે. આ ઉપરાંત પોલિસભવન, આયુર્વેદ સર્કલ તથા આયુર્વેદ સર્કલથી જિલ્લા પંચાયત પાસેના તમામ 'કટ' બંધ રાખવામાં આવનાર છે જેની વાહનચાલકોએ નોંધ લેવા જણાવાયું છે. શપથવિધિ પત્યા બાદ કર્મચારીઓ અધિકારીઓ તેમના વાહન સચિવાલય સંકુલમાં લઈ જઈ શકશે.

ગાંધીનગર, તા.૨૪

મંગળવારે યોજાનારા નવી સરકારના શપથવિધિ સમારોહને લઈ રાજયના વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. રાજય સરકારે શપથવિધિ સમારોહના સ્થળે જ ખાસ ફરજો માટે અધિક કલેકટર અને ડે. કલેકટર સંવર્ગના અધિકારીઓને વિશેષ જવાબદારી સોંપી અને તૈનાત કરી દેવાયા છે.

ગાંધીનગર શહેરમાં શપથવિધિ સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત ૨૫૦થી વધુ વીવીઆઈપીઓ હાજરી આપનાર છે. આ મહાનુભાવો માટે અમદાવાદ અને ગાંધીનગર ખાતે ખાસ હોટલોમાં બુકીંગ પણ રાજય સરકાર દ્વારા કરાવવામાં આવ્યું છે. એટલું જ નહિ ત્યાં સલામતીના પણ ખાસ પગલાં લેવામાં આવી રહ્યા છે.

સચિવાલય સંકુલની પાછળના ભાગે આવેલ હેલિપેડ પર યોજાનાર આ શપથવિધિ સમારોહમા રાજયભરમાંથી ૧૦ હજારથી વધુ લોકો હાજરી આપશે તેવું અનુમાન છે. આ બધા જ લોકોને બેસવા સહિતની સુવિધા ઉભી કરવામાં આવી રહી છે.

મહાનુભાવો માટે પણ શપથવિધિ સમારોહ સ્થળની નજીક ખાસ પાર્કિંગ વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે.

શપથવિધિ સમારોહ માટે ખાસ પોલિસ બંદોબસ્ત પણ એ દિવસે સચિવાલય સંકુલ ખાતે રાખવામાં આવનાર છે. આ સમારોહને લઈ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે તબીબી અધિકારીઓની ખાસ ત્રણ ટીમ બનાવવા ઉપરાંત વી.વી.આઈ.પી. વોર્ડ પણ ઉભો કરવામાં આવી રહ્યો છે. શપથવિધિ સમારોહના સ્થળે પણ તબીબી અધિકારીઓની ખાસ ટીમો ફરજ માટે તૈનાત કરવામાં આવનાર છે. શપથવિધિ સમારોહના સ્થાને એક ખાસ પી.એમ.ઓ. પણ ઉભું કરવામાં આવે છે. જેથી તેઓ તાત્કાલિક દિલ્હી સાથે સંપર્કમાં રહી શકે.

● અનુસંધાન પાન-૭ પર

## શપથવિધિ સમારોહને પગલે સચિવાલય સંકુલને કિલ્લેબંધી

**સચિવાલય અંદર અને બહાર ૨૫૦૦થી વધુ સુરક્ષા કર્મીઓ સાથે ચુસ્ત પોલિસ બંદોબસ્ત ગોઠવાયો : એડવાન્સ સિક્યુરીટી લાયઝનીંગ પણ થઈ ગયું : શપથવિધિના દિવસે ખાનગી વાહનોની પ્રવેશબંધી**

ગાંધીનગર, તા.૨૪

પદનામિત મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રી અને તેમના મંત્રી મંડળની ૨૬ ડિસેમ્બરે સચિવાલય સંકુલમાં વડાપ્રધાનની વિશેષ ઉપસ્થિતિમાં શપથવિધિ યોજાશે. આ શપથવિધિને પગલે સુરક્ષા અને સલામતિના દ્દષ્ટિકોણથી સચિવાલયની અંદર અને બહાર ચુસ્ત પોલિસ બંદોબસ્ત તૈનાત કરીને સંકુલને કિલ્લેબંધી કરી દેવામાં આવશે. તે ઉપરાંત શપથવિધિના દિવસે ખાનગી વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે.

રેન્જ આઈજીપીના સુપરવિઝન હેઠળ શપથવિધિના સ્થળે પોલિસ લોખંડી સુરક્ષા વ્યવસ્થા પુરી પાડશે. ૩ એસ.પી., ૨૩ ડી.વાય.એસ.પી., ૪૫ પી.આઈ., ૧૨૦ પી.એસ.આઈ., ૧૫૦૦ પોલિસ, ૧૮૦ ટ્રાફીક પોલિસ, ૧૫૦ મહિલા પોલિસ, એસ.આર.પી. અને કવીક રીસ્પોન્સ ટીમ સુરક્ષા બંદોબસ્તમાં તૈનાત રહેશે. ૨૬ ડિસેમ્બરે સચિવાલય સંકુલમાં યોજાનાર આ શપથવિધિ કાર્યક્રમને પગલે સલામતિ અને વ્યવસ્થાના ભાગરૂપે ૨૫૦૦ જેટલા સુરક્ષા કર્મીઓ બંદોબસ્તમાં ખડે પગે રહેશે તે ઉપરાંત સચિવાલયના અધિકારી-કર્મચારીઓના વાહનો સહિત તમામ ખાનગી વાહનોને સંકુલમાં પ્રવેશ મળશે નહિ. વાહનો આ શપથવિધિ સમારંભ પુર્ણ ન થાય ત્યાં સુધી ટાઉનહોલ પરિસર અથવા ચ રોડની સામેની બાજુ આસપાસના વિસ્તારમાં પાર્ક કરવા સામાન્ય વહિવટ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે. વડાપ્રધાનના આગમનને પગલે એડવાન્સ સિકયુરીટી લાયઝનીંગ પણ કરી દેવામાં આવ્યું છે.

# એક જ દિવસમાં ૬ ડિગ્રી પારો ગગડતા શહેર ઠુંઠવાયું

**વાદળો વીખેરાતા વહેલી સવારે કાતિલ ઠંડી : લઘુત્તમ તાપમાન ૯.૫ ડિગ્રી નોંધાયું : કંડલામાં ૬.૫ ડિગ્રી**

ગાંધીનગર, તા.૨૪

નાતાલ નજીક આવતા જ ગુજરાતમાં કાતિલ ઠંડી અનુભવાઈ રહી છે. ગત ૨૪ કલાકમાં લઘુત્તમ તાપમાન ૬ ડિગ્રી જેટલું ગગડતા ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૯.૬ ડિ.સે. નોંધાયો છે.

છેલ્લા એક અઠવાડિયાથી સમગ્ર ગુજરાતમાં વાદળછાયુ વાતાવરણ છવાયું હતું. કેટલાક સ્થળોએ માવઠા જેવું વાતાવરણ પણ સર્જાયું હતું. વાદળો છવાયેલા રહેતા ઠંડીની અસર ઓછી રહી હતી. પરમદિવસે લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીની આસપાસ રહ્યું હતું. જો કે ઠંડા પવનના કારણે ગાંધીનગરાઓને ઠંડી અનુભવાઈ હતી. હવામાન વિભાગના સુત્રોના જણાવ્યા અનુસાર ગઈ કાલે મોડી રાત્રે વાદળ વિખેરાવવાનું શરુ થયું હતું. જેના કારણે મોડી રાત્રે ઠંડી વધવાની શરુ



થઈ હતી. વહેલી સવારે લઘુત્તમ તાપમાન ૯.૫ ડિ.સે. સુધી પહોંચી ગયું હતું. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ૬ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો હતો. મોડી રાત્રે કાતિલ ઠંડી પડવાની શરૂ થતા ખુલ્લામાં રહેતા ઝુંપડાવાસીઓને કાતિલ ઠંડીનો સામનો કરવો પડયો હતો. વહેલી સવારે ઘરની બહાર નીકળેલા વસાહતીઓને અચાનક જ વધી ગયેલી ઠંડીથી ભારે આશ્ચર્ય થયું હતું. જોગીંગ કરવા નીકળેલા વસાહતીઓને વધુ ગરમ વસ્ત્રો પહેરીને બહાર નીકળવું પડયું હતું.

આજે રવિવાર હોવાથી ઘણા વસાહતીઓ મોડા ઉઠયા હતા જેથી ઠંડીની વધુ અસર અનુભવાઈ ન હતી. અમદાવાદમાં ઠંડી ૧૦.૧ ડિ.સે. નોંધાઈ હતી. જયારે કંડલામાં ૬.૫ ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

**ક્યા કેટલું તાપમાન**

| | |
|---|---|
| નલિયા | ૭.૬ |
| ગાંધીનગર | ૯.૫ |
| અમદાવાદ | ૧૦.૧ |
| અમરેલી | ૧૦.૨ |
| વલસાડ | ૧૦.૬ |
| કંડલા એરપોર્ટ | ૧૦.૬ |
| ડિસા | ૧૧.૪ |
| વીવીનગર | ૧૩.૩ |




**બેસણું**

અમારા પિતાશ્રી **સ્વ. રમેશચંદ્ર રતિલાલ જોશી**નો તા. ૨૨/૧૨/૨૦૧૭ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૫/૧૨/૨૦૧૭ને સોમવારના રોજ સવારે ૮ થી ૧૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ૧૪, શ્રી ઉમિયા બંગલોઝ, સત્કાર હોટલની પાસે, રાધે સ્કવેરની પાછળ, કુડાસણ, ગાંધીનગર મો. ૯૦૯૯૦ ૬૬૭૯૭

મિલિંદ જોશી (પુત્ર) નેહા ચિરાગ જોશી (પુત્રી)


## ઈન્દિરા બ્રિજથી ચ-૫ સર્કલ સુધી ખાસ માર્ગ સુશોભન કરાશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર સચિવાલય સંકુલ ખાતે યોજાનાર રાજયના નવા મંત્રી મંડળના શપથવિધિ સમારોહને લઈ ઈન્દિરાબ્રીજથી ચ-૫ ફુવારા સુધીના માર્ગને સુશોભિત કરવામાં આવશે.

ભાજપ દ્વારા સતત છઠ્ઠી સરકારની રચના રાજયમાં થઈ રહી હોવાથી માર્ગો પર ભાજપના ધ્વજ તેમજ મહાનુભાવોના સત્કાર માટે ખાસ માર્ગ સુશોભન કરવામાં આવી રહ્યું છે.

**કમલમ્ ખાતે ભવ્ય આતશબાજીનું પણ આયોજન**

આ માટે પ્રદેશ એકમ તેમજ શહેર અને જિલ્લા સંગઠનના આગેવાનોને વિશેષ જવાબદારી પણ સોંપવામાં આવી છે. શપથવિધિ સમારોહ વેળાએ ખાસ આતશબાજીનું આયોજન પણ કમલમ્ ખાતે કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં મુખ્ય માર્ગ 'ચ' રોડ પર સેન્ટ્રલ વર્જ સહિત તેને પણ વિશેષ રીતે સજાવવામાં આવશે. આ ઉપરાંત મહાત્મા મંદિર તરફ જતા માર્ગોનું પણ સુશોભન કરવામાં આવશે.

## જિલ્લામાં ૩૧૭૯૨ વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ની પરીક્ષા આપશે

ગાંધીનગર તા ૨૩

આગામી માર્ચ મહીનામાં લેવાનારી ધોરણ -૧૦ની બોર્ડ પરીક્ષામાં જિલ્લામાંથી ૩૧૭૯૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ધોરણ -૧૨ ને અનુલક્ષી હજુ પણ વિદ્યાર્થીઓની નોંધણી પ્રક્રીયા ચાલુ છે. બાર્ડ પરીક્ષાના દિવસો હવે નજીકમાં આવી રહયા છે. ત્યારે વિદ્યાર્થીઓ પણ આખરી તબક્કાની તૈયારીમાં લાગી ગયા છે.

આગામી માર્ચ મહીનાના બીજા સપ્તાહમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ ની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે બોર્ડ પરીક્ષાને અનુલક્ષી શિક્ષણતંત્રએ અત્યારથી જ તૈયારી શરૂ કરી દીધી છે. નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં પરિણામની ટકાવારી સુધરે તે માટે વિશેષ પ્રયાસો કરવામાં આવી રહયા છે. જયારે નબળા વિદ્યાર્થીઓને વધારાના વર્ગો થકી શિક્ષણ આપવામાં આવી રહયુ છે. બાર્ડ પરીક્ષાને હવે માત્ર બે મહીના જેટલો સમય જ આડો રહ્યો છે. ત્યારે પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓની નોંધણી પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. જેમાં ધોરણ -૧૨ ને અનુલક્ષી હજુ નોંધણી પ્રક્રીયા ચાલુ છે. જયારે ધોરણ -૧૦ માં રજીસ્ટ્રેશનના અંતે જિલ્લામાંથી ૩૧૭૯૨ વિદ્યાર્થીઓ નોંધાયા છે.

**પરીક્ષાના આડા હવે બે મહીના જેટલો સમય જ બાકી રહયો હોવાથી વિદ્યાર્થીઓ તૈયારીમાં વ્યસ્ત**

જિલ્લામાંથી ૩૧ હજાર કરતા પણ વધુ વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ની કસોટી આપશે. પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓ હવે આખરી તબક્કામાં વિશેષ તૈયારી કરવા માટે સજ્જ બન્યા છે. જયારે શિક્ષણ તંત્રએ પણ પરીક્ષાને અનુલક્ષી જરૂરી પુર્વ તૈયારીઓ હાથ ધરી છે.


**શ્રદ્ધાંજલિ**

દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ

હાર્દિક શ્રદ્ધાંજલિ



મુ. ઈટાદરા
તા. માણસા
જી. ગાંધીનગર



**માતૃશ્રી સ્વ. મોતીબા**
સ્વ. તા. ૨૫/૧૨/૨૦૧૫

મા, કંઈ કિધા વગર, મા કંઈ લીધા વગર
મા, અચાનક ચાલ્યાં ગયાં કેમ ?
મા, પ્રભુએ આપને કંઈ કહેવાની ના પાડી હતી ?
કે આપને કંઈ કહેવાની ઈચ્છા નહોતી ?
મા, શું હતું તે તમે જાણો અને ભગવાન જાણે,
મા, અમે તો એટલું કહીએ, પ્રભુ તમારું સદાય કલ્યાણ કરે.
મા, પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે તેવી પ્રભુને પ્રાર્થના.

**પિતાશ્રી સ્વ. આત્મારામ બાપા**
સ્વર્ગવાસ વર્ષ - ૧૯૬૨

અનેક વર્ષો વિત્યાં,
અનેક વર્ષો પણ વિતશે,
તમારી યાદ અમ અંતરમાં,
આજીવન રહેશે...

**આપના સ્નેહીજનો**

| | |
|---|---|
| ઈશ્વરભાઈ આત્મારામ પરમાર | જશોદાબેન ઈશ્વરભાઈ પરમાર |
| નારણભાઈ આત્મારામ પરમાર | ઉષાબેન નારણભાઈ પરમાર |
| શ્વેતલ ઈશ્વરભાઈ આનંદ | જિજ્ઞા શ્વેતલ આનંદ |
| ચંદ્રેશ ઈશ્વરભાઈ આનંદ | અનિતા ચંદ્રેશ આનંદ |
| બ્રિજેશ નારણભાઈ અમીન | જ્યોતિકા બ્રિજેશ અમીન |
| ગૌરાંગ નારણભાઈ અમીન | અસ્મિતા ગૌરાંગ અમીન |
| અમૃતભાઈ મૂળજીભાઈ પરમાર | મંજુલાબેન અમૃતભાઈ પરમાર |
| હિરેન અમૃતભાઈ દિક્ષિત | હિરલ હિરેન દિક્ષિત |

● પ્રિન્સ ● કિઆ ● તિશા ● આર્યા ● વંદના ● મનિષા ● જિજ્ઞેશ

**સમગ્ર પરમાર પરિવાર**

નિવાસસ્થાન : 'શ્વેત-ચંદ્ર' પ્લોટ નંબર : ૪૬૩/૧, સેક્ટર-૭બી, ગાંધીનગર
ટેલીફોન : ૦૭૯-૨૩૨ ૨૭૨૫૪ ● મો. ૯૯૨૪૬ ૧૮૯૭૪



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા BRIDGESTONE CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com